**તા. ૧૯/૪/૨૫ : ડબ્બા પાર્ટી :** વાર્ષિક પરીક્ષા પછી તમામ વિદ્યાર્થીઓ પોતાના મિત્રો સાથે સારી યાદગીરી અને હમેંશા એકમેકની ભાવના જળવાય તે હેતુથી ડબ્બા પાર્ટીનુ આયોજન કર્યુ. જેમા વિદ્યાર્થીઓ ઘરેથી ગરમ નાસ્તો લાવ્યા હતા. બધા જ વિદ્યાર્થીઓ સાથે મળી નાસ્તો કરી ખૂબ મજા માણી હતી.





**તા. ૨૧/૪/૨૫ થી ૨૫/૪/૨૫ : સમર કેમ્પ :** સમર કેમ્પ જેમા બાળકોને ક્રાફ્ટ, છાપકામ, રેતીકામ, ઉનાળા ઋતુની ઉજવણી, ડાન્સ વીથ ઝુંબા, તરબૂચ સીઝનની ઉજવણી, તેમજ ફેરવેલ પાર્ટી કરાવવામાં આવી હતી. જેમા બાળકોએ ખૂબ આનંદ માણ્યો.





**તા. ૯/૬/૨૫ : પ્રવેશ ઉત્સવ :** નર્સરી, શિશુ-૧, ૨ નાના ભૂલકાંઓને શાળાનો પ્રથમ દિવસ યાદગાર બની રહે તેના માટે પૂર્વ પ્રાથમિક ગુ.મા.વિ.ના શિક્ષકોએ વિદ્યાર્થીઓને કંકુ તિલક કરી ગુલાબ આપીને એમનું સ્વાગત કર્યુ તેમજ ચોકલેટથી મોં મીઠું કરાવ્યુ હતું. દરેક વર્ગમાં બાળકોને અલગ અલગ રમતો રમાડી ખૂબ આંનદથી શાળાના પ્રથમ દિવસની ઉજવણી કરવામા આવી હતી.







**તા. ૧૭ થી ૧૯/૬/૨૫ : વાલી મિટીંગ :** માતા-પિતા દ્વારા બાળકોના સુયોગ્ય ઘડતર માટેની કાળજી, જીવનમાં સંસ્કારનું મહત્વ, બાળકોમાં શિસ્ત, હકારાત્મક વલણ વગેરેની વાત કરવામાં આવી. સાથે બાળકોની શાળાકીય વિવિધ સહ અભ્યાસ પ્રવૃતિઓની પણ ચર્ચા કરવામા આવી હતી. વાલીઓના ખૂબ સારો સહકાર સાંપડયો.





**તા. ૨૦/૬/૨૫ : યોગ દિવસ :** યોગ દિવસે બાળકોને આનંદપૂર્વક યોગા કરવવામાં આવ્યા. નાનકડાં બાળકોને યોગ વિશે સરળ રીતે સમજાવ્યું કે યોગ કરવાથી શરીર તંદુરસ્ત રહે છે. શિક્ષકોએ બાળકોને આસાન, યોગ, કસરતો કરાવી, જેમાં તાડાસન, વૃક્ષાસન, યોગાસનો કરાવ્યા. બાળકો ખૂબ ઉત્સાહથી બધું અનુસરતા હતા. તેઓએ શ્વાસ ખેંચવાની અને છોડવાની રીતો શીખી. બાળકોને રોજ યોગા કરવા સમજાવામાં આવ્યું. બાળકોએ ખૂબ આનંદથી યોગા દિવસની ઉજવણી માણી.